GJPM040001332016

<u>હાલોલના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>
<u>મુ.હાલોલ. જિ. પંચમહાલ.</u>

ક્રિમીનલ કેસ નં.૩૧૯/૨૦૧૬
આંક–

ફરીયાદી :– ધી સ્ટેટ ઓફ ગુજરાત

વિરૂધ્ધ

આરોપી :– (૧) નવલભાઈ મોહનભાઈ રાઠોડ
રહે. સાથરોટા, હાલોલ, તા.હાલોલ, જી.પંચમહાલ.
(૨) આશિષકુમાર નિતીનભાઈ શાહ
રહે. પ્રેમ એસ્ટેટ, હાલોલ, તા.હાલોલ, જી.પંચમહાલ.
(૩) વિજયભાઈ અરવિંદભાઈ રાવળ
રહે. જીતપુરા, ગોધરા, તા.ગોધરા, જી.પંચમહાલ.
(૪) રમેશભાઈ મનસુખભાઈ બારીયા
રહે. નાથપુરી, જાંબુઘોડા, તા.જાંબુઘોડા, જી.પંચમહાલ.
(૫) દિનેશભાઈ વરશનભાઈ બારીયા
રહે. નાની સડલી, તા.બોડેલી
(૬) મહેશકુમાર ગણપતસિંહ પરમાર
રહે. સણસોલી, કાલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ.
(૭) મહેન્દ્રભાઈ લક્ષ્મણ સિંહ બારીયા
રહે. ભીલોડ, ઘોઘંબા, તા.ઘોઘંબા, જી.પંચમહાલ.
(૮) નરેશકુમાર વિક્રમસિંહ પરમાર
રહે. ભાટપુરા, તા.ગોધરા, જી.પંચમહાલ.
(૯) રણજીતસિંહ કલ્યાણ સિંહ ચૌહાણ
રહે. ઈંટવાડી, તા.હાલોલ, જી.પંચમહાલ.
(૧૦) રમેશભાઈ બાબરભાઈ ચૌહાણ
રહે. દોલતપુરા, તા.સાવલી

**(૧૧) કિશોરભાઈ ગણપતભાઈ રાઠોડ**
રહે. દોલતપુરા, તા.સાવલી
**(૧૨) ગુલાબભાઈ પ્રભાતભાઈ રાઠોડ**
રહે. નાવરીયા, કાલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ.
**(૧૩)મહેશભાઈ રતનસિંહ સોલંકી**
રહે. મોટી પીંગળી, કાલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ.
**(૧૪)દિનેશભાઈ મગનભાઈ ગોહીલ**
રહે.બાળાના મુવાડા, કાલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ.
**(૧૫) કમલેશભાઈ ગાગાભાઈ વણકર**
રહે.બેઢીયા, કાલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ.
**(૧૬) ઘનશ્યામકુમાર વિજયસિંહ ચૌહાણ**
રહે. ભાટપુરા, તા.ગોધરા, જી.પંચમહાલ.
**(૧૭) નરેન્દ્રભાઈ પ્રભાતભાઈ ગોહીલ**
રહે.ખડકી, કાલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ.
**(૧૮) ભારતકુમાર જોગેન્દ્રકુમાર કોલી**
રહે.લકકી સ્ટુડીયો, હાલોલ, તા.હાલોલ, જી.પંચમહાલ.
**(૧૯) વિજેન્દ્ર ગીરીરાજપ્રસાદ ચૌહાણ**
રહે.કોટા નવી વસ્તી, લાડપુર, રાજસ્થાન
**(૨૦) પ્રદિપકુમાર નરેન્દ્રભાઈ ગોહીલ**
રહે.ખડકી, કાલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ.
**(૨૧) મહેન્દ્રભાઈ બચુભાઈ પરમાર –એબેટ**

## –:: કમીટલ હુકમ ::–

(૧) સદર કામે આરોપી સામે હાલોલ પો.સ્ટે.માં ગુના રજી. નં. ફર્સ્ટ ૧૮૧/૨૦૧૫ થી ઈ.પી.કો. કલમ–૧૪૩, ૧૪૭,૧૪૮, ૧૪૯, ૩૩૨, ૩૩૩, ૪૩૫ તથા ધી પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ઓફ પબ્લિક પ્રોપર્ટી એકટ–૩(૧),૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામે હાલના આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હાની હકીકત વંચાણે લેતાં આ કેસ ચલાવવાની સત્તા આ અદાલતને પહોંચતી નથી, પરતુ નામદાર સેશન્સ કોર્ટને આ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની

સત્તા છે. આ કામે રોજકામ વંચાણે લેતા અત્રેની અદાલત ધ્વારા આરોપી નં.૧૮,૧૯ તથા ૨૧ નાઓ સામે અગાઉ વારંવાર પકડ વોરંટ ઈસ્યુ કરવા છતા વગર બજેના શેરા સાથે પરત થયેલ છે અને હાલ પણ તેઓ સામે પકડ વોરંટ ઈસ્યુ કરેલ છે તથા આરોપી નં.૨૧ મરણજતા તેઓને એબેટ કરવામાં આવેલ છે તેમજ બાકીના આરોપીઓ હાજર છે. આમ હાલનો કેસ આરોપી નં.૧૮,૧૯ તથા ૨૧ નાઓની ગેરહાજરીના કારણે કમીટ થયા વગર અત્રેની અદાલતમાં પેન્ડીંગ રહેલ છે. સદર કામે કેસનુ રેકર્ડ તથા કાયદાકીય જોગવાઈ જોતાં, મેજીસ્ટ્રેટ ધ્વારા કેસ કમીટ કરવાનો રહે છે અને નહિ કે આરોપી. વધુમાં, આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, નામદાર સુપ્રીમ કોર્ટે **Joginder Singh & Anr vs State Of Punjab & Anr** on 16 November, 1978 , Equivalent citations: 1979 AIR 339, 1979 SCR (2) 306 ના ચુકાદામાં ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૧૯૩ તથા ૨૦૯ નો આધાર લઈ નીચે મુજબ ઠરાવેલ છે.

The provisions of ss. 193 and 209 of the present Code vis-a-vis the equivalent provisions under the old Code will have to be considered. Section 193 and Section 209 of the present Code run as follows:

> "193. Cognizance of offence by Courts of Session.- Except as otherwise expressly provided by this Code or by any other law for the time being in force, no Court of Session shall take cognizance of any offence as a Court of original jurisdiction unless the case has been committed to it by a Magistrate under this Code." "209. Commitment of case to Court of Session when offence is triable exclusively by it.- When in a case instituted on a police report or otherwise, the accused appears or is brought before the Magistrate

and it appears to the Magistrate that the offence is triable exclusively by the Court of Session, he shall-

(a) commit the case to the Court of Session:

(b) subject to the provisions of this Cod relating to hail, remand the accused to custody during? and until the conclusion of. the trial;

(c) send to that Court the record of the case and the documents and articles, if any, which are to be produced in evidence;

(d) notify the Public Prosecutor of the commitment of the case to the Court of Session."

It will be noticed that both under s. 193 and s. 209 **the commitment is of 'the case' and not of 'the accused'** whereas under the equivalent provision of the old Code viz. s. 193(1) and s. 307 A it was the accused who was committed and not 'the case'. It is true that there cannot be a committal of the case without there being an accused person before the Court, **but this only means that before a case in respect of an offence is committed there must be some accused suspected to be involved in the crime** before the Court....

તથા નામદાર ઝારખંડ હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, નામદાર ઝારખંડની વડી અદાલતે **Gagan Thakur vs State Of Jharkhand And Ors. on 22 December, 2003** ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

> **"It will be noticed that both under Section 193 and Section 209, the commitment is of 'the case' and not of 'the accused".**

Thus, it is the case which is committed and not the accused. Once the case has been committed, the absconding accused have to appear or brought before the sessions Court and the Sessions Judge is competent to remand him. The learned sessions Court should have proceeded against such accused as per the provisions for sessions trial, he erred in remanding back the case to committing Court and thus delayed the trial.

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં હાલનો કેસ ઘણો જ જુનો ૨૦૧૬ ની સાલનો છે તથા સેશન્સ ટ્રાયેબલ કેસ છે. તથા આ કામે આરોપી મળી આવતા ન હોય તે કારણ માત્રથી સેશન્સ કમીટ નહી કરવો યોગ્ય અને વાજબી જણાતુ નથી. વધુમાં આ અદાલતને હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવાની કોઈ સત્તા પહોંચતી ન હોય આરોપી સામેનો કેસ નામદાર સેશન્સ કોર્ટ તરફ કમીટ કરવો જરૂરી જણાય છે. જેથી સદર કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી માટે કમીટ કરવો જરૂરી હોવાથી ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આરોપી સામેનો કેસ ક્રિ.પો.કો.કલમ–૨૦૯ અન્વયે નામદાર એડીશનલ સેશન્સ કોર્ટ, હાલોલ ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કેસ કમીટ કર્યાની જાણ મુખ્ય જીલ્લા સરકારી વકીલશ્રી, ગોધરાને અચુક કરવી.

(૩) સદર કામે મુદ્દામાલ જો કાંઈ હોય તો નામદાર સેશન્સ કોર્ટમાં મોકલી આપવો.

(૪) સદર કેસનુ અસલ રેકર્ડ તા.૩૦–૦૪–૨૦૨૪ કે તે પહેલાં નામદાર એડી. સેશન્સ કોર્ટ, હાલોલને મોકલી આપવુ.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

તારીખ. ૧૫/૦૪/૨૦૨૪
સ્થળ. હાલોલ .

(એચ.એચ.વિશ્નોઈ)
CODE NO. GJ01605
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ફ.ક.
હાલોલ, જિ. પંચમહાલ.